# પાલનપુરમાં દેખા દેશે (સ્વદેશી) ચીની ડ્રેગન!

## પાલનપુરના મીકેનીકલ એન્જિનીયરે દશ દિવસની જહેમત બાદ બનાવેલો ૩૦ ફુટ લાંબો ચીની ડ્રેગન દશેરાએ જમાવશે ભારે આકર્ષણ!!!

(હરેશ જોશી, પાલનપુર)

તાજેતરમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિંગપીંગ ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યારે સરહદ પર ચીનના કાંકરીચાળા વચ્ચે સોહાર્દપુર્ણ વાતાવરણમાં ભારત અને ચાઈના વચ્ચે વેપાર-વાણિજયને લઈને અનેક કરાર પર હસ્તાક્ષર થયા હતા. જેના પગલે ચીન ધ્વારા કરોડો રૂપિયાનું રોકાણ ભારતમાં થશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. ત્યારે ચીન અને ભારત વચ્ચે માત્ર વ્યાપારીક સંબધો જ નહી પરંતુ સંસ્કૃતિનું આદાન-પ્રદાન થાય અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીન સામે લંબાવેલા દોસ્તીના હાથને પ્રેરકબળ મળે તેવા હેતુથી ઉત્તર ગુજરાતમાં પ્રથમવાર પાલનપુરના એક નવયુવાન મીકેનીકલ એન્જિનીયરે ૩૦ ફુટ લાંબો ચીની ડ્રેગન બનાવી અનેરૂ આકર્ષણ જમાવ્યું છે.

ભારતમાં ચાઈનીઝ બનાવટના રમકડાં સહીતની ચીજ-વસ્તુઓનું ચલણ વધતું જાય છે. ત્યારે ભારત દેશમાં પણ ચાઈનીઝ બનાવટની ચીજ-વસ્તુઓ સ્વદેશીરૂપે કેમ ન બનાવી શકાય? તેવો વિચાર પાલનપુરના દીલ્હીગેટ બ્રાહ્મણવાસ વિસ્તારમાં આવેલા વિવેક ફલેટમાં રહેતા અભિષેક રાવલને આવતા તેણે ત્વરીત ગતિએ આ વિચારને અમલમાં મુકયો હતો. જોકે, હીન્દુ ધર્મની શોભાયાત્રાઓ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક ઝાંખીઓ રજુ કરાતી હોય છે. ત્યારે દશેરાની શોભાયાત્રામાં હેન્ડ મેડ સંપુર્ણ સ્વદેશી ચીની ડ્રેગન બનાવવાનો વિચાર અભિ રાવલે તેના પિતા ચંદ્રકાંત માધવલાલ રાવલ(છલ્લુ) સમક્ષ રજુ કર્યો હતો. જોકે, સદાય કંઈક હટકે કરવાની તમન્ના ધરાવતા પિતા ચંદ્રકાંત રાવલ(છલ્લુ)એ પણ પુત્ર અભિષેકના વિચારનો તોડી પાડવાને બદલે તેને પ્રોત્સાહીત કરતા બી.ઈ.મીકેનીકલ એન્જિનીયરીંગનો અભ્યાસ કરી ચુકેલા અભિ રાવલે આખરે ચીની ડ્રેગનને આકાર આપવાનું અભિયાન હાથમાં લીધુ હતું. અને દશેક દિવસની જહેમત બાદ વ્યવસાયે દરજીકામ કરતા દિનેશભાઈ ઠાકોરની મદદથી રૂ.દશેક હજારના ખર્ચે ૩૦ ફુટ લાંબો રંગબેરંગી વિશાળકાય સ્વદેશી ચીની ડ્રેગન બનાવવાનું સ્વપ્ન સાકાર થયું છે. ત્યારે આ ચીની ડ્રેગન પાલનપુરીઓને આગામી દશેરાની શોભાયાત્રા સહીત કદાચ નવરાત્રિમાં પણ ગરબે ઘુમતો જોવા મળે તો નવાઈ નહી!!!



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોઢેરા ચોકડી પાસે આંગડીયા પેઢીનો કર્મચારી લુંટાયો : રૂ. ૪૭ લાખની દિલધડક લુંટ

મહેસાણા, તા. ૨૬

મહેસાણા ખાતે હાઈવે પર આવેલ મોઢેરા ચોકડી પાસે ત્રણ અજાણ્યા શખ્સોએ એક આંગડીયા પેઢીના કર્મચારીને આંતરીને તેની પાસેથી રૂપિયા ૪૭ લાખની માલમત્તા ભરેલ થેલાની દિલધડક લૂંટ ચલાવી હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો. આ બનાવને પગલે જિલ્લાભરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

વિગત એવી છે કે મહેસાણા શહેરના જયશ્રી માર્કેટમાં પટેલ માધવલાલ મગનલાલની આંગડીયા પેઢીના કર્મચારી ધર્મેશભાઈ પટેલ મોડી સાંજે આંગડીયા પેઢીમાંથી ૪૫ લાખની રોકડ રકમ અને બે લાખની કિંમતની ચીજવસ્તુઓ ભરેલ થેલો લઈને અમદાવાદ ડીલીવરી આપવા માટે જવા નીકળ્યા હતા. આંગડીયા પેઢીના આ કર્મચારી મોડી સાંજે આઠ વાગ્યાના સુમારે હાઈવે પર આવેલ મોઢેરા ચાર રસ્તા પાસેના બસ સ્ટેન્ડ પાસે આવ્યા હતા ત્યારે પાછળથી અચાનક ત્રણ શખ્સોએ આવીને તેમને આંતર્યા હતા. અને કર્મચારી પાસેથી રોકડ રકમ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી કુલ ૪૭ લાખની મત્તા ભરેલ થેલાની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. લૂંટની ઘટનાથી આંગડીયા કર્મચારી હતપ્રભ બની ગયા હતા અને બૂમાબૂમ કરતાં આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. આ ઉપરાંત પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. આથી કેટલાક હિંમતબાજ યુવાનો અને પોલીસે લૂંટારૂઓનો પીછો કર્યો હતો જેમાં એક શખ્સ ઝડપાઈ ગયો હતો જ્યારે અન્ય બે શખ્સો થેલો લઈને ક્યાંક નાસી ગયા હતા.

દરમિયાન લોકોના હાથે ઝડપાયેલ શખ્સની પોલીસે પુછપરછ કરતાં તેનું નામ શક્તિસિંહ વિક્રમસિંહ રાયજાદા હોવાનું બહાર આવ્યું હતું. આ શખ્સ ઊંઝા નજીકના ઐઠોર ગામના ચૌધરી યુવાનના ખૂન કેસમાં પકડાયો હતો અને પેરોલ પર છૂટ્યા બાદ નાસતો ફરતો હતો. આ બનાવ અંગે મહેસાણા બી ડીવીઝન પોલીસે લૂંટનો ગુનો નોંધી આ ગુનામાં સંડોવાયેલ ત્રણ શખ્સો પૈકી બે નાસી છૂટેલ શખ્સોને પકડવા તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહેસાણા શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા ઘણા વખતથી ગુનાખોરીનું પ્રમાણ ખૂબ વધી ગયેલ છે. લૂંટ, ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ દિનપ્રતિદિન વધતા જાય છે. આ ઉપરાંત જિલ્લામાં સમાજ વિરોધી બદીઓ પણ બેરોકટોક ધમધોકાર રીતે ચાલી રહ્યાની લોક ફરિયાદો ઉઠી છે. જિલ્લામાં વધતી જતી ગુનાખોરીને નાથવા માટે પોલીસતંત્ર તરફથી અસરકારક પગલા ભરાતાં નથી. પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાવ કથળી જવા પામી છે.

# મોડાસા તાલુકામાં આધારકાર્ડ કઢાવવા રૂ. ૧૦ લેવાતા હોવાની બુમ..

## અણદાપુર તથા માથાસુલીયા ગામમાં પૈસા લેવાયાની બુમ : આધારકાર્ડ કાઢતી એજન્સી ધ્વારા પૈસા લેવાતા લોકોમાં રોષ

મોડાસા, તા.૨૬

કેન્દ્ર સરકારની મફત આધારકાર્ડ યોજના સ્વરૂપે હવે કોન્ટ્રાકટરોએ બદલી નાખ્યુ છે. જે કાર્ડ મફતમાં મળતુ હતુ તે કાર્ડ લેવા હવે કાર્ડના પૈસા ખર્ચીને લેવુ પડે છે તેવી સ્થીતી મોડાસા તાલુકાના અણદાપુર અને માથાસુલીયા ગામમાં ઉધી થવા પામી છે.

સામન્ય માણસના અધિકાર જે અંર્તગત કેન્દ્ર સરકાર ધ્વારા આધારકાર્ડ ફરજીયાત કરવામાં આવ્યુ છે. આ એક પુરાવો છે. જે પુરાવો ભારતના આમ આદમીને દરેક જગ્યાએ ઓળખ સ્વરૂપે કામ લાગવાનો છે. આ કાર્ડ માટે મોડાસામાં એક ખાનગી એજન્સીને કામ સોપવામાં આવ્યુ છે. જે એજન્સી મોડાસા તાલુકામાં માથાસુલીયા અને અણદાપુર ગામે સેન્ટર ઉભુ કર્યુ છે અને લોકોને આધારકાર્ડ ઈસ્યુ કરવા માટે ગરીબ જનતા પાસેથી એક આધારકાર્ડ દીઠ રૂ ૧૦ ખંખેરવામાં આવી રહયા છે. જેનાથી આ કાર્ડ લેવા આવતા લોકો ધકકે ચડી ગયા છે સાથે લોકો ધ્વારા એવુ પણ જણાવામાં આવી રહયુ છે કે સરકાર તરફથી મફતમાં કાર્ડ આપવાની મોટી મોટી જાહેરાતો કરવામાં આવી રહી છે. તેમ છતાં આ એજન્સી ધ્વારા પૈસા કેમ લેવામાં આવે છે? અને કોઈક કોઈક વાર તો ૧૦ રૂ નહી પણ આમનુ મન ફાવે તો ૫૦ રૂપીયા પણ લઈ લેવામાં આવે છે અને જે લોકો પૈસા આપે તેમના જ આધારકાર્ડ કાઢવા માં આવે છે. અણદાપુર ની આંગણવાડી માં ખોલવામાં આવેલ આધારકાર્ડ સેન્ટરમાં આ આધારકૃડ કાઢવા માટે એજન્સી ના કર્મચારીઓ ધ્વારા મોટાપાયે ગેરરીતી આચરતા નુ પ્રકાશ માં આવ્યુ છે.





કેન્દ્ર સરકાર ધ્વારા ઈસ્યુ કરવામાં આવતુ આધારકાર્ડ એ આમ આદમી નો આવનારા સમય માં મુખ્ય પુરાવો બની જશે અને આ પુરાવો દેશ માં કોઈ પણ ખુણે માન્ય ગણાશે તથા આ આધારકૃડ ધ્વારા જે લોકો વીવિધ યોજનાઓ ના લાભો મેળવે છે. જે ફકત આ આધારકાર્ડ ધ્વારા જ લોકો મેળવી શકશે.પરંતુ આ બે ગામના લોકો ને એટલી પણ ખબર નથી કે સરકાર ધ્વારા આ કૃડ મફત કાઢી આપવામાં આવે છે. પરંતુ તે કાર્ડ લોકો ને એજન્સી ધ્વારા મફત નહી પણ રૂ ૧૦ લઈ ને કાઢી આપવામાં આવે છે. આ વિસ્તાર ના ગરીબ લોકો આધારકાર્ડ કઢાવવા માટે પોતાને ખાવાનુ અનાજ વેચી ને એજન્સી ને આધારકાર્ડ કઢાવવા પેસા આપે છે. આ અણદાપુર ગામ ની ગરીબ અને અભણ પ્રજા પાસે થી આધારકાર્ડ કઢાવવા માટે કેટલાય રૂપીગા ની લુટ આ એજન્સી ધ્વારા ચલાવવામાં આવી છે જેથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જયારે નવાઈ ની વાત તો એ છે કે કેન્દ્ર સરકાર ધ્વારા આ આધારકાર્ડ લોકો ને મફત ઈસ્યુ કરવાનુ હોવા છતાં પણ આ એજન્સી ધ્વારા કોઈ ના પણ ડર રાખ્યા વગર બીન્દધાસ્ત પણ રૂ ૧૦ ઉઘરાવામાં આવી રહયા છે અને જે એજન્સી ના કર્મચારીઓ પણ બીન્ધાસ્ત પણ કબુલી રહયા છે.

જયારે આ બાબતે ગામના લોકો ધ્વારા ધારાસભ્ય ને રજુઆત કરતાં ધારાસભ્ય એ બાબત તંત્ર સુધી પહોચાડવાની બાંહેધરી આપી છે. અને લાગતા વળગતા અધિકારીઓ ધ્વારા આ એજનસી સામે પગલા લેવામાં તે પણ જણાવ્યુ હતુ. જયારે આ બાબાતની જાણ મોડાસા માલતદાર વિશાલ સકશેના ને થતાં તેમણે તરત જ કાર્યવાહી કરવા માટે જણાવી દીધુ છે. અને રીપોર્ટ તૈયાર કરી દેવા માટે પણ કહેવામાં આવ્યુ છે.



ભારત સરકાર એ સારા ઉદશ્ય સાથે આ યોજના અમલ માં મુકી છે. પરુતુ ગુજરાત માં આ યોજના નો લાભ જે રીતે લોકો ને વિના મુશ્કેલી એ પહોચવો જોઈએ તે રીતે નથી પહોચતો તો આપ વિચારી શકો છો કે આ આધાકાર્ડ ધ્વારા મડતી યોજનાઓ નો લાભ લેવા લોકો ને કેટલા ધરમ ના ધકકા ખાવા પડશે તે તો આવનારો સમય જ બતાવશે.

### આ બાબતે તાત્કાલીક કાર્યવાહી થશે : મામલતદાર મોડાસા

મોડાસા તાલુકા ના અણદાપુર અને માથાસુલીયા ગામે રૂ૧૦ લઈ લોકો ને આધારકાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે. તેવી જાણ મોડાસા મામલતદાર વિશાલ સકશેના ને થતા તેમણે તરત જ કાર્યવાહી કરવામાં આવશે અને જો એજન્સી કસુરવાર જણાશે તો તાતકાલીક કાયદેસર ની કાર્યવાહી પણ કરવામાં આવશે તેવુ જણાવ્યુ હતુ.

# ઈડર પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૨૪૪૨ લાભાર્થીઓને રૂ. ૨૩૧.૨૨ લાખના સાધન સહાયનું વિતરણ

હિંમતનગર, તા. ૨૬

ગુજરાત સરકારની વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડવાના અભિગમના ભાગ રૂપે સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે -ાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાની ઉપસથિતિમાં યોજાયો હતો. આ મેળામાં ઈડર અને વડાલી તાલુકાના ૨૪૪૨ લાભાર્થિઓને વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત રૂ. ૨૩૧.૨૨ લાખના સાધન સહાયનું વિતરણ કરાયું હતું.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થિઓને સાધન સહાયનું હાથો હાથ વિતરણ કરતા મંત્રી વોરા જણાવ્યું હતું કે, રાજય સરકાર ગરીબ કે વંચિતોને માત્ર સરકારી સહાય આપીને બેસી રહેવામાં માનતી નથી. ગરીબીની પક્કડમાંથી આપનો પરીવાર કાયમી રીતે બહાર આવે તેવી મથામણ અને શ્રમસેવી સ્વપ્નને પૂર્ણ કરવામાં પડખે રહેવાની વચનબધ્ધતા ધરાવે છે. અને તેથી જ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સરકારી યોજનાઓનો મળવમપાત્ર લાભ પંહોચાડવાનો સેવાયજ્ઞ હાથ ધર્યો છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે રાજયની મહિલાઓ પણ પગભર બની શકે તે માટે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મહિલા દૂધ મંડળી બનાવવાનું આયોજન હાથ ધર્યુ છે. મહિલા પશુપાલકો માટે મિલ્કિંગ મશીન અને ચાપકટર આપવાની યોજના શરૂ કરી મહિલા પશુપાલકોના આર્થિક ઉન્નાતિના દ્રાર ખુલ્યા મુક્યા છે. માન. -ધાનમંત્રીશ્રીના સ્વચ્છ ભારતના અભિયાનની વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, સાબરકાંઠા જિલ્લાને ક્લિન સાબરકાંઠા ગ્રીન સાબરકાંઠાની દિશામાં અગ્રેસર બનાવવા લોકોને અનુરોધ કર્યો હતો.

આ -સંગે રાજય અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ચેરમેનઝવેરભાઈ ચાવડાએ -સંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ગરીબ કલયાણ મેળાએ ગુજરાત સરકાર ધ્વારા મહાત્મા ગાંધીના ગ્રામ સ્વારાજ અને સ્વદેશી ચળવળની દિશા તરફનો એક વિશિષ્ટ -યાસ છે.

ગરીબ કલ્યાણ મેળામાં ઉપસથિત ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગના ચેરમેન વાડીભાઈ પટેલે આ વિવિધ યોજનાકીય લાભ થકી પરીવારમાં સુખ-શાંતિ અને -ગતિના માર્ગે આગળ વધવા જણાવ્યું હતું.

આ -સંગે ઈડર ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ ધ્વારા રૂ. ૨૧,૦૦૦, ઈડર જાદર વિભાગ -ાથમિક શિક્ષણ શરાફી મંડળી ધ્વારા રૂ. ૨૧,૦૦૦ અને વડાલી વિભાગ -ાથમિક શિક્ષણ શરાફી મંડળી ધવારા રૂ. ૨૧,૦૦૦નો ચેક કન્યા કેળવણી નિધિમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

# બાયડ ખાતે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## ૨૧૯૯ લાભાર્થીઓને ૨૩૯ લાખની સહાયનું વિતરણ કરાયું

મોડાસા, તા.૨૬

રાજય ના છેવાડા ના તમામ ગરીબો સુધી ગરીબ કલ્યાણ મેળા ના આયોજન ધ્વારાપહોચવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ના નિર્ધાર ને ચરિતાર્થ કરવા અરવલ્લી જીલલા ના બાયડ તાલુકા ખાતે યોજાએલ ગરીબ કલ્યાણ મેળા ને પશુપાલન અને મત્સ્યઉદ્યોગ મંતરી બચુભાઈ ખાબડે દિપ પ્રાગ્ટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ ગરબી કલ્યાણ મેળા માં ૨૧૯૯ લાભાર્થીઓ ને ૨૩૯.૯૦ લાખની સહાય નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ

આ પ્રસુગે મંતરી બચુભાઈ ખાબડે જણાવ્યુ હતુ કે કલયાણ રાજય ના ધ્યેય વરેલી રાજય સરકાર રાજય ના તમામ દરીદ્રનારાયણ ગરબી પરીવારો ને ગરબી કલ્યાણ મેળા ના માધ્યમથી હાથો હાથ સાધન હાય આપી નોધારા નો આધાર બની છે રાજય ના તમામ લોકો સુખી થાય નિરોગી બને તેવા શુભાશય થી રાજય ના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે લોક સેવાના સંકલ્પ ધ્વારા પરીશ્રમ યજ્ઞ ને અવિરત ચાલુ રાખી ગુજરાત ની વીકાસ ની આહલેક જગાવી છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

આ પ્રસંગે ગુજરાત ના ઠાકોર અને કોઈી વિકાસ નિગમના ચરેમેન પુંજાજી એ જણાવ્યુ હતુ કે રાજય સરકાર રાજય ના તામા વર્ગો ના સર્વાગી વીકાસ માટે હુમેશા ચિતીત રહી છે. જે અન્વયે ગરીબ કલ્યાણ મેળવી સમાજ ના નબળા વર્ગો નો વિકાસ થશે જે રાજય ના સર્વાગી વિકાસ માટે ની ધરોહર બનશે

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા કલેકટર બી.જેભટ્ટે જણાવ્યુ હતુ કે પ્રત્યેક સરકારી યોજનાનુ કેન્દ્ર નુ મધ્યબિંદુ છેવાડા નો માનવી છે. ત્યારે સાંસ્કૃતીકકૃતી ને વધુ ગતીશીલ બનાવીશુ તો જ કલ્યાણ રાજય ની ભાવના સાકાર થશે

આ પ્રસંગે ઉપસ્થીત મહેમાનો નુ શાબ્દીક સ્વાગત પ્રવચન બાયડ પ્રાંત અધિકારી સીધ્ધીબહેન પટેલે ધ્વારા કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે મોડાસા પ્રાંત અધિકારી મેઘરજ માલપુર ધનસુરા ના તાલુકા વીકાસ અધિકારીઓ મામલદારશ્રીઓ તેમજ જિલ્લા પંચાયત ના પ્રમુખ હેમલત્તાબહેન તાલુકા પંચાયત બાયડ ના પ્રમુખ મનહરભાઈ જીલલા પંચાયત આઈ.સી.ડી.સી ના ચુેરમેન નેહાબેન ભીખીબેન પરમાર બાયડ નગરપાલિકા પ્રમુખ ડો શકુન્તલાબેન પટેલ અને મોટી સંખ્યા માં ભાજપા ના આગેવાનો અને લાભાર્થીઓ ઉપસ્થીત રહયા હતા.

# સાહિત્યકાર રમણલાલ વ. દેસાઈની જન્મજયંતિ ઉજવાઈ

મોડાસા, તા. ૨૬

મ.લા.ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના તાલીમાર્થીઓએ ગ્રામલક્ષ્મી કૃતિના સર્જન ર.વ. દેસાઈની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે વિદ્યાર્થીઓના ઉંચા સંસ્કારોનું ઘડતર થાય અને ર.વ. દેસાઈ જેવા સર્જકોના પુસ્તકોનું વાંચન થાય તે બાબત પર ભાર મુક્યો હતો.

ર.વ. દેસાઈ ભારેલો અગ્નિ, ગ્રામલક્ષ્મી વગેરે નામાંકિત કૃતિઓના સર્જક હતા. વિદ્યાર્થીઓએ તેમના પુસ્તકોનું વાંચન કર્યુંહતું. નર્મદા કિનારે આવેલા શિનોરમાં તેમનો જન્મ થયો હતો. તેમના સાહિત્ય પર ગાંધીજીના આંદોલનની અસરો જોવા મળે છે.

એક ઊંચી કોટીના સાહિત્યકાર ર.વ. દેસાઈની લાટીવાળા કોલેજના તાલીમાર્થીઓએ તેમના પુસ્તકોનું પ્રદર્શન અને વાંચન અભિયાન ગોઠવીને જન્મજયંતિ ઉજવી. સ્ટાફ તથા તાલીમાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. શ્રી મ.લા. ગાંધી ઉ.કે. મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ એન. શાહ અને કોલેજના પ્રભારી મંત્રી પ્રો. અરવિંદભાઈ જે. મોદીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA

ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦